મતદારયાદીની સુધારણા માટે
નિયુકત મતદાન મથક અધિકારી
(Booth Level Officer)ને
ચૂકવવાના મહેનતાણાના દરમાં
સુધારો કરવા બાબત.

# ગુજરાત સરકાર

સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક : ઈએલઆર/૧૨૦૭/૧૦૮(૨)/છ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૭.૪.૨૦૧૪.

<u>વંચાણે લીધા</u> : (૧) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૨૫.૫.૨૦૧૦નો ઠરાવ ક્રમાંક : ઈએલઆર/૧૨૦૭/૧૦૮(૨)/છ.
(૨) ભારતના નિર્વાચન આયોગનો તા.૨૬.૨.૨૦૧૪નો પત્ર ક્રમાંક : ૨૩/બીએલઓ/૨૦૧૩–ઈઆરએસ.

## : ઠરાવ :

ભારતના નિર્વાચન આયોગની સૂચના અનુસાર મતદાર નોંધણી નિયમો, ૧૯૬૦ હેઠળ નિયત તારીખની સ્થિતિએ સઘન અથવા સંક્ષિપ્ત મતદાર યાદીની સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવે છે. જેના માટે મતદાર નોંધણી અધિકારીઓ, મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓ, નિરીક્ષકો તથા મતદાન મથક અધિકારીઓ (Booth Level Officer) ની નિમણૂંક કરવામાં આવે છે. મતદાર યાદીની સુધારણાની કામગીરી માટે નિયુકત મતદાન મથક અધિકારીઓ (Booth Level Officer) ને ચૂકવવાના મહેનતાણાના દરો છેલ્લે વંચાણે લીધેલા ક્રમ : (૧) પર દર્શાવેલ ઠરાવથી નકકી કરવામાં આવેલા છે. આ અનુસંધાને, મતદાન મથક અધિકારીઓ (Booth Level Officer) ને ચૂકવવાના મહેનતાણાના દરોમાં સુધારો કરવા માટે ભારતના નિર્વાચન આયોગ દ્વારા વંચાણે લીધેલા ક્રમ : (૨) પરના તા.૨૬.૨.૨૦૧૪ના પત્રથી સૂચના આપવામાં આવી છે.

<u>૨.</u> ઉપર્યુકત વિગતો ધ્યાનમાં લઈને મતદાર યાદી અધ્યતન, ક્ષતિરહિત અને વિશ્વસનીય બને તે માટે મતદાર યાદીની સુધારણા માટે નિયુકત મતદાન મથક અધિકારીઓ (Booth Level Officer)એ કરવાની થતી કામગીરીના સંદર્ભમાં તેમને ચૂકવાતા <u>મહેનતાણાના સ્થિર ભાગ (Fixed Component of Remuneration)</u> ના વાર્ષિક દરો સુધારવાની બાબત વિચારણા હેઠળ હતી. આ બાબતે કાળજીપૂર્વકની વિચારણાને અંતે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે. : –

' <u>સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૫.૫. ૨૦૧૦ના ઠરાવના ફકરા ક્રમાંક : ૨.૧ અન્વયે નકકી કરાયેલ મતદાન મથક અધિકારીઓ (Booth Level Officer) ને ચૂકવવાના મહેનતાણાના સ્થિર ભાગ (Fixed Component of Remuneration)ના વાર્ષિક દરો રૂ. ૩, ૦૦૦/– (અંકે રૂપિયા ત્રણ હજાર પુરા) થી સુધારીને રૂ. ૫, ૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) કરવામાં આવે છે.</u> '

<u>૩.</u> ઉપર્યુકત વિગતે નકકી કરવામાં આવેલા સુધારેલ દરો <u>તા. ૧.૪.૨૦૧૪</u> થી અમલમાં આવશે. ઉપર્યુકત સુધારેલ દરે મહેનતાણાની ચૂકવણી માટે સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ ક્રમ : (૧) પરના તા. ૨૫.૫.૨૦૧૦ના ઠરાવથી નિર્દિષ્ટ તમામ શરતો યથાવત રહે છે.